Sl.No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 21

No. of Printed Pages – 07

SS–24–Gujarati Sah.

# उच्च माध्यमिक परीक्षा, 2023

# SENIOR SECONDARY EXAMINATION, 2023

## गुजराती साहित्य

**समय** : 3 **घण्टे** 15 **मिनट**

**पूर्णांक** : 80

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

3) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

4) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

Tear Here

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

यहाँ से काटिए

## વિભાગ - અ

1) નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખોઃ (પ્રત્યેકનો 1 ગુણ) **[12]**

(1) 'મન નો ડગે' કવિતાના કવયિત્રી કોણ છે. **[1]**

(અ) ગંગાસતી (બ) ગીતા પરીખ

(ક) મીરાબાઈ (ડ) શર્મિષ્ઠા પટેલ

(2) કેવા પ્રકારના લોકો દુઃખમાં પણ માનવી સુખનો અનુભવ કરે છે? **[1]**

(અ) અસંતોષી (બ) આત્મજ્ઞાની

(ક) અમીર (ડ) અતૃપ્ત

(3) કંસારીને તેના કામમાં કોણ મદદ કરતુ હતું? **[1]**

(અ) બંદર (બ) ગાય

(ક) બિલાડી (ડ) મોર

(4) કવિ અને ઈલાને દાદાજી ક્યારે વાર્તા કહેતા હતા? **[1]**

(અ) રાતે (બ) દિવસે

(ક) બપોરે (ડ) સવારે

(5) તડકો કોનો સહારો ગણાવ્યો છે? **[1]**

(અ) મારો (બ) તારો

(ક) તેનો (ડ) આપણો

(6) તેજલીના દાદાનું નામ શું છે? **[1]**

(અ) તેજમલ ઠાકોર (બ) રાજમલ ઠાકોર

(ક) સૂરજમલ ઠાકોર (ડ) ચાંદમલ ઠાકોર

(7) પત્રલેખકે કોને ઉદ્દેશીને પત્ર લખ્યો હતો? **[1]**

(અ) પુત્રને (બ) પિતાને

(ક) માતાને (ડ) જગતને

(8) કયા રોગને લેખકે સૌથી ભયંકર ગણાવ્યો છે? [1]

(અ) રાષ્ટ્રરોગ (બ) મેલિરિયા

(ક) ટાઈફોઈડ (ડ) એઈડ્સ

(9) 'મીનુ' પાઠમાં મીનુ નામ કોનું છે? [1]

(અ) છોકરીનું (બ) બિલાડીનું

(ક) વાંદરીનું (ડ) કૂતરીનું

(10) અનન્યા એ ભર ઊંઘમાં ઑફની લાલ સ્વિચ દબાવી કોની જોડે વાત કરી? [1]

(અ) મિત્ર જોડે (બ) પપ્પા જોડે

(ક) મમ્મી જોડે (ડ) ભગવાન જોડે

(11) પૃથ્વી છંદમાં કેટલા અક્ષર હોય છે? [1]

(અ) 21 (બ) 19

(ક) 17 (ડ) 11

(12) 'કાલે કયો વાર છે?' વાક્યનો પ્રકાર કયો છે? [1]

(અ) વિધિ વાક્ય (બ) પ્રશ્ન વાક્ય

(ક) સાદું વાક્ય (ડ) નિષેધ વાક્ય

2) નીચે આપેલી ખાલી જગ્યા પૂરો : (પ્રત્યેકનો 1 ગુણ) [6]

(1) 'તડકો' તો ............. નું સ્મિત છે. [1]

(2) સાત સાત દીકરીએ પણ તેજલીનો દાદો ............. કહેવાયો. [1]

(3) પેટે ............. મહાભૂત તત્વોને આશ્રય આપ્યો છે. [1]

(4) ક્લાસમાં વર્ષા થોડી થોડી વારે, છાનું છપનું ગહન દૃષ્ટિ વડે ............. ને નિહાળી લેતી. [1]

(5) ભગવાનનો સમાનાર્થી શબ્દ ............. થાય. [1]

(6) 'રાષ્ટ્રની પ્રજાને વળગેલો રોગ' શબ્દ સમૂહ માટે એક શબ્દ ............. છે. [1]

**3)** નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ છે.) **[12]**

(1) કલ્યાણ ચોરો શા માટે ચણાયો? **[1]**

(2) માનવીને આખુ જગત મળી ગયાની લાગણી ક્યારે થાય? **[1]**

(3) તડકાને કોનો સહારો ગણાવ્યો છે? **[1]**

(4) ગંગાસતી કોના વચનોમાં વિશ્વાસ રાખવાનું કહે છે? **[1]**

(5) ધવલ અને શરદ વહેલા શા કારણે નીકળી ગયા? **[1]**

(6) 'મીનુ' પાઠમાં લેખકે મુંડન શા માટે કરાવ્યું છે? **[1]**

(7) વર્ષાની પાંપણો પર નાનકડું અશ્રુબિંદુ શા કારણે આવી ગયું હતું? **[1]**

(8) 'પેટ' પાઠમાં તંત્રીનું કયા કારણોસર આડા પડવું અશક્ય હતું? **[1]**

(9) વિરોધી શબ્દ લખો. **[1]**

(i) આધાર -

(ii) અમીર -

(10) શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. **[1]**

(i) ઈચ્છા અનુસાર બધું આપનાર વૃક્ષ -

(ii) ઈશ્વરની ભક્તિરૂપે ગવાતાં ગીતો -

(11) 'અમરો સત્ય વક્તા છે.' વાક્યમાં સંજ્ઞા શબ્દ શોધો. **[1]**

(12) 'મિસ કત્યાલ આદર્શ શિક્ષક હતા.' વાક્યમાં વિશેષણ શબ્દ શોધો. **[1]**

## વિભાગ - બ

નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકના 2 ગુણ)

**4)** રૂપક અલંકારની દૃષ્ટાંત સહિત વ્યાખ્યા આપો. **[2]**

**5)** મંદાક્રાન્તા છંદનું બંધારણ ઉદાહરણ સહિત લખો. **[2]**

**6)** નીચેની કર્તરિ વાક્યરચનાને ભાવેરચનામાં ફેરવો : **[2]**

(i) ટૉની શું ખાય છે?

(ii) એ ઊભો થઈ ગયો.

**7)** 'મન નો ડગે' કાવ્યના આધારે સાચા હરિજનના લક્ષણ વર્ણવો. **[2]**

**8)** 'ના હઠવું' કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો. **[2]**

**9)** 'ચાલ, ફરીએ' કવિતામાં કવિ જીવન જીવવાની કઈ કળા અપનાવવાની વાત કરે છે? **[2]**

**10)** પત્રલેખકના બાળકનું શાળામાં દાખલ થતા પહેલાનું વિશ્વ કેવું હતું? **[2]**

**11)** જેસલમેર નું પ્રાચીન ઐતિહાસિક મહત્ત્વ જણાવો. **[2]**

**12)** મમ્મી અનન્યાને મોબાઈલ લેવાની શા માટે ના પાડતી હતી? **[2]**

**13)** લેખકને પોતાના ગામમાં પાણીની તંગીને કારણે શું જોવા મળ્યું? ત્યાં તેમણે શાની શરૂઆત કરી. **[2]**

**14)** નીચેના વાક્યોનો રાષ્ટ્રભાષામાં અનુવાદ કરો. **[2]**

(i) જેસલમેર રાજસ્થાનનું એક ઐતિહાસિક શહેર છે.

(ii) માનો પ્રેમ નિઃસ્વાર્થ હોય છે.

## વિભાગ - ક

નીચે આપેલા પ્રશ્નોના ત્રણ થી ચાર વાક્યોમાં ઉત્તર લખો. (પ્રત્યેકના 3 ગુણ)

**15)** નીચેની કાવ્ય-પંક્તિઓનો ભાવાર્થ સમજાવો. **[3]**

''દ્રવ દેખીને માણસ ચલે,
દ્રવ દેખી સહુ લોભે ભલે,''

અથવા

''નદીની રેતમાં રમતું નગર મળે ન મળે
ફરી આ દૃશ્ય સ્મૃતિપર ઉપર મળે ન મળે.''

**16)** નીચેના ગદ્યાંશની સપ્રસંગ વ્યાખ્યા કરો : **[3]**

સૈનિકને સખત આઘાત લાગ્યો. એની પાસે રજાઓ તો ઘણી બાકી હતી પણ એણે નિર્ણય લઈ લીધો કે આજે જ એ ચાલ્યો જશે. નીકળતી વખતે માએ એને કહ્યું, 'મારા ટૉનીને કહેજો કે પત્ર લખતો રહે.'

અથવા

હું એ સૌ ગરીબોની મનની અમીરીને વંદી રહ્યો. પેલા અજાણ ડૉક્ટરને પણ વંદી રહ્યો કે એમના જેવાઓને કારણે જ ગુજરાત અને અમદાવાદ બ્લડ-ડૉનેશનની પ્રવૃત્તિમાં ભારતભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

**17)** નીચેની કાવ્ય-પંક્તિઓનો વિચાર વિસ્તાર કરો : **[3]**

સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.

અથવા

વિદ્યા પુસ્તકમાં અને પર કબજામાં ધન;
ભીડ પડે ના કામનાં એ વિદ્યા એ ધન,

**18)** નીચેનો પઠિત ગદ્યાંશ વાંચી પ્રશ્નોના ઉત્તર લખો. **[3]**

કંસારી એક શક્તિશાળી રાજાની દીકરી હતી. એ રાજકુંવરી હતી છતાં, નાનપણથી જ તેની ઈચ્છા ખેડૂત બનવાની હતી. આ વાતથી તેના પિતાને ગુસ્સો આવતો અને તે મોટી થતાં જ તેના પિતાએ તેને રાજમહેલ છોડી જવાનો હુકમ કર્યો.

પ્રશ્નો :-

(i) કંસારી કોની દીકરી હતી?

(ii) નાનપણથી જ કંસારી ની શું બનવાની ઈચ્છા હતી?

(iii) 'ઈચ્છા' નો વિરોધી શબ્દ લખો.

## વિભાગ - ૬

**19)** નીચે આપેલ અપઠિત ગદ્યાંશને વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :- **[5]**

''સૌ પ્રથમ તો હું ઈચ્છું છું કે તમે વિચારશીલ બનો. માણસમાં વિચારવાની પ્રક્રિયા આપમેળે ચાલતી નથી. તમે બધા વિચારતા થાઓ અને તમારી વિચારશક્તિને વિકસાવો એમ હું ઈચ્છું છું. વિચારશક્તિ કેળવવા માટે વાચન કરતાં વધારે મદદરૂપ બીજું કશું જ નથી. અલબત્ત, વાચન બુધ્ધિપૂર્વકનું હોવું જોઈએ. વાંચવાથી તમને બીજા ઓના વિચારો જાણવા મળે અને બુધ્ધિપૂર્વકના તેમજ યોગ્ય વાચન પર ભાર મૂકવાથી તમે પણ વિચારતા થઈ જાઓ છો. ગમે તે વાચન હોય પણ જો તે વિચારવા માટે પ્રેરે તો જ એ ઉપયોગી વાચન ગણાય, ભલે ને પછી એ કોઈ સારી નવલકથા કેમ ન હોય? મહાન નવલકથાઓ હરહંમેશ માણસને વિચારવાની પ્રેરણા આપે છે. કારણ કે એ મહાન નવલકથાઓ એટલે મહાપુરુષો એ દોરેલાં સુંદર શબ્દચિત્રો.''

- જવાહરલાલ નહેરુ

પ્રશ્નો :-

(i) જવાહરલાલ નહેરુ શું ઈચ્છે છે?

(ii) વિચારશક્તિ કેળવવા માટે શું જરૂરી છે?

(iii) વાચનથી આપણને શો લાભ થાય છે?

(iv) કયું વાચન ઉપયોગી ગણાય?

(v) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**20)** નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખો : **[5]**

રાજાનું ગુપ્ત વેશે નગરમાં ફરવા જવુ - સિપાહીને માર્ગ પૂછવો - સિપાહીનો સભ્ય જવાબ - સાથે આવવાનો આગ્રહ - લાલચ આપવી - સિપાહીને દરબારમાં તેડું - વફાદારીનો બદલો - સાર

અથવા

એક સિંહ - વૃક્ષ નીચે આરામ - સિંહના શરીર પર ઉંદરનું દોડવું - ઉંદરનું પકડાઈ જવું - ઉંદરની સિંહને વિનંતી અને મદદ કરવાનું વચન - સિંહે ઉંદરને છોડી મૂકવો - એક વાર સિંહનું જાળમાં ફસાવું - ઉંદરે જાળ કાપી નાખી સિંહને મુક્ત કરવો - બોધ.

**21)** નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો :- **[6]**

(i) શ્રમનું ગૌરવ

(ii) વિદ્યાર્થી અને શિસ્તપાલન

(iii) મારો પ્રિય તહેવાર

(iv) ટેલિવિઝનના લાભાલાભ

♦♦♦♦

DO NOT WRITE ANYTHING HERE